# SAURASHTRA UNIVERSITY
**P.G.T.R. Section**
University Campus, University Road, Rajkot – 360005
Phone No.: (0281) 2578501 Ext. No. 222 / FAX No.: (0281) 2576347
E-mail Id: pgtr@sauuni.ac.in
Accredited Grade "A" by NAAC (3rd Cycle)


## પરિપત્ર:

**સંદર્ભ-(૧): શિક્ષણ વિભાગનો તા. ૦૩/૦૩/૨૦૨૦ નો પત્ર ક્રમાંક:NO.PRC/102020/03042020KH-2**
**(૨): યુ.જી.સી. ના તા. ૦૧/૦૪/૨૦૨૦ ના પત્ર ક્રમાંક: D.O.No.F.1-1/2020(Secy)**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓ, કોલેજના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાના વડાઓ અને પીએચ.ડી. માર્ગદર્શકશ્રીઓને જણાવવાનું કે સંદર્ભિત પત્રો અન્વયે માન. કુલપતિશ્રીએ સ્ટેચ્યુટરી ઓથોરીટીની બહાલીની અપેક્ષાએ સામેલ નિયમોને આધીન પીએચ.ડી. ની વાઈવા-વોસ પરીક્ષા વિડીઓ કોન્ફરન્સ દ્વારા ઓનલાઇન લેવાની મંજુરી આપેલી છે.

પીજીટીઆર વિભાગ તરફથી માર્ગદર્શકશ્રીને "VIVA-VOCE યુનિવર્સિટી પત્ર – 309" પ્રાપ્ત થયા બાદ માર્ગદર્શકશ્રી પોતાના વિદ્યાર્થીની પીએચ.ડી. ની વાઈવ-વોસ પરીક્ષા વિડીઓ કોન્ફરન્સ દ્વારા ઓનલાઇન લેવા ઈચ્છતા હોય તો તેઓએ વાઈવા-વોસ પરીક્ષાની પૂર્વમંજુરી માટે "VIVA VOCE ગાઈડ પત્ર-310-A" સંપૂર્ણ વિગત સહિત બંને બાહ્ય રેફ્રીના અને આંતરિક રેફ્રીનો Thesis Adjudication રીપોર્ટ સાથે વાઈવા-વોસ પરીક્ષાના દિવસ-૧૦ પહેલા રજુ કરવાનો રહેશે. પીજીટીઆર વિભાગ તરફથી "પૂર્વમંજુરી પત્ર – 311" મળી ગયા બાદ જ વાઈવા-વોસ પરીક્ષા યોજવાની રહેશે. પીએચ.ડી. ની વાઈવ-વોસ પરીક્ષા વિડીઓ કોન્ફરન્સ દ્વારા ઓનલાઇન લેવા માટે માર્ગદર્શકશ્રીએ નીચેના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

## નિયમો:

૧. પીએચ.ડી. વાઈવા-વોસની ઓનલાઇન પરીક્ષાની મંજુરી મેળવવા માટે બંને બાહ્ય રેફ્રી સહિત માર્ગદર્શકનો થીસીસ મૂલ્યાંકનનો Thesis Adjudication રીપોર્ટ જરૂરી છે.

૨. બંને બાહ્ય રેફ્રી અને માર્ગદર્શકનો થીસીસ મૂલ્યાંકનનો Thesis Adjudication રીપોર્ટ સાથે માર્ગદર્શકશ્રીએ વિડીઓ કોન્ફરન્સ દ્વારા ઓનલાઇન પીએચ.ડી. વાઈવા-વોસ પરીક્ષાનું આયોજન કરવા માટે નિયત અરજી પત્રક(VIVA VOCE ગાઈડ પત્ર-310-A)માં પી.જી.ટી.આર.વિભાગમાં અરજી કરવાની રહેશે. લેખિત મંજુરી મળી ગયા પછી જ સદરહુ પરીક્ષાનું આયોજન માર્ગદર્શકશ્રી કરી શકશે.

૩. પીએચ.ડી. વાઈવા-વોસની ઓનલાઇન પરીક્ષા વિડીયો કોન્ફરન્સનો ઉપયોગ કરીને Skype, Zoom, Google Classroom etc. સોફ્ટવેરનો ઉપયોગ કરીને માર્ગદર્શકશ્રીએ આયોજિત કરવાની રહેશે.

૪. પીએચ.ડી. વાઈવા-વોસની ઓનલાઇન પરીક્ષાનું સમગ્ર આયોજન સંબંધિત માર્ગદર્શકશ્રીએ કરવાનું રહેશે. સદરહુ પરીક્ષા સંબધિત તમામ કોર્ડીનેશન પણ માર્ગદર્શકશ્રીએ કરવાનું રહેશે.

૫. માર્ગદર્શકશ્રીએ પીએચ.ડી. વાઈવા-વોસની ઓનલાઇન પરીક્ષાની તારીખ અને સમયની જાણ પરીક્ષાર્થીને કરવાની રહેશે તેમજ બાહ્ય રેફ્રી, આર.એ.સી. ના સભ્યો, માન. કુલપતિશ્રી, માન. ઉપકુલપતિશ્રી, કુલસચિવશ્રીને આ અંગેનું લેખિત આમંત્રણ આપીને વિડીઓ કોન્ફરન્સમાં ઓનલાઇન જોડાવા માટે અગાઉથી સુવિધા ઉપલબ્ધ કરવાની રહેશે. ઉપરાંત સંશોધકો અને અન્ય રસ ધરાવતી વ્યક્તિઓની જાણકારી માટે યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર ઓનલાઇન પીએચ.ડી. વાઈવા-વોસ પરીક્ષાનો કાર્યક્રમ અને વિડીઓ કોન્ફરન્સમાં જોડાવા માટેની જરૂરી સુચના આપીને સુવિધા ઉપલબ્ધ કરવાની રહેશે.

૬. પીએચ.ડી. વાઈવા-વોસની ઓનલાઇન પરીક્ષા વિડીઓ કોન્ફરન્સ મારફત નિયત તારીખ અને સમયે શરુ કરાવવાની જવાબદારી માર્ગદર્શકશ્રીની રહેશે.

૭. પીએચ.ડી. વાઈવા-વોસની ઓનલાઇન પરીક્ષાના વિડીઓ કોન્ફરન્સમાં માર્ગદર્શકશ્રી અને એક બાહ્ય રેફ્રીની હાજરી ફરજીયાત છે.

૮. કોઈપણ કારણસર અથવા સંજોગોવસાત પરીક્ષાર્થી, માર્ગદર્શકશ્રી તેમજ બાહ્ય રેફ્રી પીએચ.ડી. વાઈવા-વોસની ઓનલાઇન પરીક્ષાના વિડીઓ કોન્ફરન્સમાં જોડાઈ શકે નહિ ઉપરાંત વિડીઓ કોન્ફરન્સ દરમ્યાન ઓડીઓ અને વિડીઓની સંપૂર્ણ સ્પષ્ટતા નહિ હોય તો સદરહુ પરીક્ષા માટે ફરીથી મંજુરી સહિતની સમગ્ર પ્રક્રિયા માર્ગદર્શકશ્રીએ કરવાની રહેશે.

૯. પીએચ.ડી. વાઈવા-વોસની ઓનલાઇન પરીક્ષાના વિડીઓ કોન્ફરન્સ દરમ્યાન વિદ્યાર્થીએ થીયરી અને પ્રેક્ટીકલ્સનું પ્રેઝન્ટેશન કેવી રીતે કરવું તેનું માર્ગદર્શન આપવા સહિત સહિત વિદ્યાર્થીને પડતી મુશ્કેલીનું સમાધાન માર્ગદર્શકશ્રીએ સૂચવવાનું રહેશે.

૧૦. પીએચ.ડી. વાઈવા-વોસની ઓનલાઇન પરીક્ષાના વિડીઓ કોન્ફરન્સનું રેકોર્ડિંગ માર્ગદર્શકશ્રીએ કરવું જરૂરી છે અન્યથા સદરહુ પરીક્ષા માન્ય રહેશે નહિ.

૧૧. પીએચ.ડી. ઓનલાઇન વાઈવા-વોસ પરીક્ષાનું વિડીઓ કોન્ફરન્સ પૂર્ણ થયે માર્ગદર્શકશ્રીએ પીજીટીઆર વિભાગમાં રૂબરૂ આવીને નીચેની વિગતો આપવાની રહેશે અને જરૂરી પ્રકિયા કરવાની રહેશે ત્યારબાદ વિદ્યાર્થીના પીએચ.ડી. પરીક્ષાના પરિણામ સંબંધી આગળની કાર્યવાહી હાથ ધરી શકાશે.

(i) વિડીઓ કોન્ફરન્સ દ્વારા ઓનલાઇન પીએચ.ડી. વાઈવા-વોસ પરીક્ષાનું આયોજન કરવા માટેના મંજૂરી પત્રની નકલ
(ii) પીએચ.ડી. વાઈવા-વોસ પરીક્ષા વિદ્યાર્થીએ સફળતાપૂર્વક પાસ કરી છે અને વિદ્યાર્થીને પીએચ.ડી. ની ડીગ્રી એનાયત કરવાની ભલામણ બાબતનો બાહ્ય રેફ્રી અને વિદ્યાર્થીના માર્ગદર્શકશ્રીની સહી થયેલ નિયત નમુના મુજબનો Consolidated રીપોર્ટ
(iii) માર્ગદર્શકશ્રીએ પીએચ.ડી. વાઈવા-વોસની ઓનલાઇન પરીક્ષાની તારીખ અને સમયની જાણ અને પરીક્ષાર્થીને પરીક્ષાના વિડીઓ કોન્ફરન્સમાં હાજર રહેવા માટે મોકલવામાં આવેલ પત્રની નકલ.
(iv) માર્ગદર્શકશ્રીએ બાહ્ય રેફ્રી, આર.એ.સી. ના સભ્યો, માન. કુલપતિશ્રી, માન. ઉપકુલપતિશ્રી, કુલસચિવશ્રીને પીએચ.ડી. વાઈવા-વોસની ઓનલાઇન પરીક્ષાના વિડીઓ કોન્ફરન્સ માં હાજર રહેવા માટે આપવામાં આવેલ લેખિત આમંત્રણની નકલ.
(v) પીએચ.ડી. વાઈવા-વોસની ઓનલાઇન પરીક્ષાના વિડીઓ કોન્ફરન્સનું માર્ગદર્શકશ્રીએ કરેલું રેકોર્ડિંગ સી.ડી./ડી.વી.ડી./પેન ડ્રાઈવ માં. (વિડીઓ રેકોર્ડીંગ માં ઓડીઓ અને વિડીઓ સંપૂર્ણ સ્પષ્ટ હોવા જરૂરી છે, અન્યથા સદરહુ પરીક્ષા અમાન્ય રહે છે.)
(vi) પી.જી.ટી.આર. વિભાગમાં પીએચ.ડી. ઓનલાઇન વાઈવા રજીસ્ટરમાં એન્ટ્રી કરવાની રહેશે.
(vii) માર્ગદર્શકશ્રીના ટી.એ./ડી.એ., મહેનતાણાના બીલ અને રેફ્રીઓના મહેનતાણાના બીલ સંપૂર્ણ વિગત સાથે રજુ કરવાના રહેશે.

કુલસચિવ

નં.. પીજીટીઆર/ 041 / ૨૦૨૦
સૌરાષ્ટ્ર યુનિવર્સીટી કાર્યાલય,
યુનિવર્સીટી કેમ્પસ,
યુનિવર્સીટી રોડ,
રાજકોટ – ૩૬૦૦૦૫
તા. ૦૮/૦૫/૨૦૨૦

પ્રતિ
૧. સૌરાષ્ટ્ર યુનિવર્સીટી સંલગ્ન તમામ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ / માન્ય સંસ્થાના વડાઓ / સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ/ પીએચ.ડી. માર્ગદર્શકશ્રીઓ (સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વેબસાઈટ દ્વારા)

**નકલ સવિનય રવાના:**
૧. માન. કુલપતિશ્રીના અંગત સચિવશ્રી / માન. ઉપકુલપતિશ્રીના અંગત સચિવશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના (યોગ્ય કાર્યવાહી અર્થે):**
૧. પરીક્ષા નિયામકશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
૨. એકેડેમિક વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
૩. યુ.જી.સી. વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
૪. ડાયરેક્ટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
૫. લીગલ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
૬. આઈ.ક્યુ.એ.સી., સૌરાષ્ટ્ર યુનિવર્સિટી